BR MOVALIYA & Co. (SM)
Legal Advisors (since-1984)

Girish B. Movaliya
(B.Com,LL.M.)

A/306-307, City Centre,
Nr. Resham Bhavan,
Lal Darwaja, Surat 395003 .

તારીખ: ૧૦/૦૨/૨૦૧૯

# ટાઇટલ ક્લીયરન્સ રીપોર્ટ
## :: મીલકતની વિગત ::

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ તાલુકો સુરત સીટી ( હાલઃ અડાજણ) મોજે :- **મોટાવરાછા**ના રેવન્યુ સર્વે નંબર:-૫૧, **બ્લોક નંબર :- ૪૨** વાળી જમીન જેનુ ક્ષેત્રફળ :- ૯૯૧૫ ચો.મી., જેને **ટી.પી.સ્કીમ નં.:- ૨૫ (મોટા વરાછા)** લાગુ પડતા **એફ.પી.:- ૧૩૧** મુજબ ક્ષેત્રફળ **૬૪૩૨ ચો.મી.**વાળી રહેણાંક હેતુમાટેની બિનખેતી જમીન ઉપર આયોજીત **"ગ્લોરી હાઇટસ"** વાળી જમીન મિલકતનાં ટાઇટલ રીપોર્ટ બાબતે.

ઉપરોકત વર્ણન અને વિગતવાળી જમીન મિલકતના **માલીક- શ્રી રામ લખન ગ્રૂપ એક ભાગીદારી પેઢી** (રજી.ઓફિસ :- ટી.પી.૨૫ એફ.પી. ૧૩૧, બ્લોક નં.૪૨,ગ્લોરી હાઇટસ સાઇટ,મોટાવરાછા,સુરત) **વતી અને તર્ફે અધિકૃત વહિવટકર્તા ભાગીદાર તરીકે શ્રી મુકેશકુમાર લાધાભાઇ મૈયાણી** તરફથી હમો એડવોકેટ **શ્રી ગીરીશ બી.મોવલીયા** પાસેથી ટાઇટલ રીપોર્ટ અંગેની માંગણી કરતા, તેઓએ હમારી સમક્ષ રજુ કરેલ, ઉપરોકત મિલકત અંગેના જરૂરી દસ્તાવેજી પુરાવાઓની ઓરીજીનલ/ઝેરોક્ષ નકલોનો અભ્યાસ કરી સદરહું મિલકતના ટાઇટલ બાબત હમારો અભિપ્રાય નીચે મુજબ છે..

મોજે ગામ **મોટા વરાછા**, તાલુકા **અડાજણ**, જીલ્લો **સુરત** ગામની **રે.સર્વે.નં.૫૧** વાળી જમીનના મુળ માલિક તરીકે મણીભાઇ મકનજીભાઇ ચાલી આવેલ.ત્યારબાદ મજકુર જમીન માલિક મણીભાઇ **મકનજીભાઇ તા.૨૨-૧૦-૬૨ ના રોજ ગુજરી જતાં** મજકુર જમીનમાં વારસદાર તરીકે **દીનકરભાઇ મણીભાઇ , મંછાબેન તે મણીભાઇ મકનજીભાઇ ની વિધવા,તથા સારદાબેન અમૃતલાલ મણીભાઇની વિધવા ના નામે દાખલ** કરવામાં આવેલ. જે નોંધ રેવન્યુ દફતરે ગામના નમુના નં. ૬ માં **નોંધ અનુક્રમ નં. ૭૬૫** થી તા.૧૬/૫/૧૯૬૩ ના રોજ નોંધવામાં આવી હતી, જે નોંધ મંજુર કરવામાં આવેલ છે.

ત્યારબાદ મજકુર જમીન માલિકો **દીનકરભાઇ મણીભાઇ,મંછાબેન તે મણીભાઇ મકનજીભાઇ ની વિધવા, તથા સારદાબેન અમૃતલાલ મણીભાઇની વિધવા** દ્વારા તેમની સહિયારી જમીનોની વહેંચણ થવાથી સદરહું રે.સર્વે.નં.૫૧ વાળી જમીન **દીનકરભાઇ મણીભાઇ** હિસ્સે આવેલ.જે અંગેની ફેરફાર નોંધ રેવન્યુ દફતરે ગામના નમુના નં.૬ માં **નોંધ અનુક્રમ નં.૭૬૬** થી તા.૧૬/૫/૧૯૬૩ ના રોજ નોંધવામાં આવી હતી, જે નોંધ મંજુર કરવામાં આવેલ છે.ત્યારબાદ મોજે મોટા વરાછા ગામે **એકત્રીકરણ યોજના** લાગુ પડતા સદરહુ સર્વે નં.૫૧ વાળી જમીનને **બ્લોક નં.૪૨** આપવામાં આવેલો. જે અંગેના મે.સેટલમેન્ટ કમિશ્નર સાહેબ, અમદાવાદ ના હુકમ અંગેની નોંધ ગામ દફતરે હકક પત્રક નં. ૬ માં

For Shree Ram Lakhan Group
(signature)
Partner

**નોંધ નં. ૨૪૧૩** થી નોંધવામાં આવી હતી. જે નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ મજકુર જમીનના માલીક દિનકરભાઇ મણીભાઇ દેસાઇએ પોતાના સ્વતંત્ર નામે ચાલતી મજકુર જમીનમાં તા.૨૮/૦૩/૧૯૯૫ ના રોજ કરેલા લેખના આધારે **સહભાગીદાર તરીકે** તેમનાં **પુત્ર રાકેશભાઇ દિનકરભાઇ નું નામ દાખલ** કરેલ. જે અંગેની ફેરફાર નોંધ ગામ દફતરે હક્ક પત્રક નં. ૬ માં **નોંધ અનુક્રમ નંબર.૩૫૬૭** થી તા.૧૫/૦૬/૧૯૯૫ ના રોજ નોંધવામાં આવી હતી, જે નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ મજકુર જમીન માલિકો પૈકી રાકેશકુમાર દિનકરભાઇ દેસાઇ નું તા.૬/૧/૧૯૯૮ ના રોજ મોટાવરાછા મુકામે મરણ થતાં તેમનાં સીધીલીટીના વારસદાર તરીકે **હેતલબેન તે રાકેશકુમાર ની વિધવા**નું નામ દાખલ કરવામાં આવેલ. જે અંગેની ફેરફાર નોંધ ગામ દફતરે હક્ક પત્રક નં. ૬ માં **નોંધ અનુક્રમ નંબર.૪૦૧૪** થી તા.૨૯/૪/૯૯ ના રોજ નોંધવામાં આવી હતી, જે નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ મજકુર જમીનનાં સહ-માલિકો પૈકી **દિનકરભાઇ મણીભાઇ નું તા.૧૩/૮/૨૦૦૦ ના રોજ મરણ** થતાં તેમનાં સીધીલીટીના તમામ વારસો તરીકે **અરવિંદભાઇ દિનકરભાઇ, અનીલભાઇ દિનકરભાઇ, હર્ષાબેન તે દિનકરભાઇ ની પુત્રી, હેતલબેન તે રાકેશભાઇ દિનકરની વિધવા, સંધ્યાબેન દિનકરભાઇ** ની પુત્રી નાં નામ વારસાઇ હકકે દાખલ કરવામાં આવેલ.જે અંગેની નોંધ ગામ દફતરે હક્ક પત્રક નં. ૬ માં **નોંધ અનુક્રમ નંબર.૪૬૭૧** થી તા.૨/૧૨/૦૩ ના રોજ નોંધવામાં આવી હતી, જે નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદર જમીનનાં માલિકો હેતલબેન તે રાકેશભાઇ દિનકરભાઇ ની વિધવા વિગેરેનાં કુ.મુ.શ્રી ઘનશ્યામભાઇ ભાનુભાઇ પટેલ પાસેથી સદર જમીન **કરશનભાઇ ડાહયાભાઇ કાકડીયાએ રજી.વે.દ.થી વેચાણ રાખેલ,**જે અંગેનો રજી.વે.દ.મહે.સબ-રજી.સાહેબ શ્રી સુરત/૪/ કતારગામ ની કચેરીમાં દ.અ.નં.૨૦૮૮ થી તા.૧૫/૦૩/૨૦૦૪ ના રોજ નોંધાયેલ છે.જે અંગેની ફેરફાર નોંધ ગામ દફતરે હક્ક પત્રક નં. ૬ માં **નોંધ અનુક્રમ નંબર.૪૯૫૦** થી તા.૨૪/૮/૨૦૦૪ ના રોજ નોંધવામાં આવી હતી, જે નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદર જમીનનાં માલિક **કરશનભાઇ ડાહયાભાઇ કાકડીયા** પાસેથી સદર જમીન **નારણભાઇ પરસોતમભાઇ મયાણી એ વેચાણથી રાખેલ,**જે અંગેનો રજી.વે.દ.મહે.સબ-રજી.સાહેબ શ્રી સુરત/૪/કતારગામ ની કચેરીમાં દ.અ.નં.૬૮૨૪ થી તા.૦૬/૦૭/૨૦૦૫ના રોજ નોંધાયેલ છે.જે અંગેની ફેરફાર નોંધ ગામ દફતરે હક્ક પત્રક નં. ૬ માં **નોંધ અનુક્રમ નંબર.૫૧૭૧** થી તા.૩૧/૦૮/૨૦૦૫ ના રોજ નોંધવામાં આવી હતી, જે નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું મોજે ગામ **મોટા વરાછા**ને મહે.કલેકટર સાહેબ સુરતનાં પત્ર નં.(જે)બખ/ તપસ/ વશી/ ૪૮૯૭/ ૦૬ તા.૧૯/૧૦/૨૦૦૬ માં જણાવયા મુજબ **પ્રાદેશિક ફેરફાર થતા મજકુર મોજે ગામ મોટા વરાછાને તા.ચોર્યાસી માંથી નિકાલ** કરવામાં આવેલ જે અંગેની નોંધ ગામ દફતરે હક્ક

For Shree Ram Lakhan Group
Partner

પત્રક નં.૬ માં **નોંધ અનુક્રમ નંબર.૫૬૯૧** થી તા. ૨૨/૧૨/૨૦૦૬ ના રોજ નોંધવામાં આવી હતી. જે નોંધ તા.૨૨/૧૨/૨૦૦૬ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહું મોજે ગામ **મોટા વરાછાને** મહે.કલેકટર સાહેબસુરતનાં પત્ર નં.(જે)બખ/તપસ/વશી/૪૮૯૭/૦૬ તા.૧૯/૧૦/ ૨૦૦૬ માં જણાવયા મુજબ **પ્રાદેશિક ફેરફાર થતા સદરહું મોજે ગામ મોટા વરાછાને તા.સુરતસીટી માં દાખલ** કરવામાં આવેલ જે અંગેની નોંધ ગામ દફતરે હકક પત્રક નં.૬ માં **નોંધ અનુક્રમ નંબર.૫૬૯૨** થી તા. ૨૨/૧૨/૨૦૦૬ ના રોજ નોંધવામાં આવી હતી. જે નોંધ તા.૨૧/૧૨/૨૦૦૬ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદર જમીનનાં માલિક **નારણભાઇ પરસોતમભાઇ મયાણી** પાસેથી સદર જમીન **(૧) બાબુભાઇ ઓધવજીભાઇ મયાણી તથા (૨) સવજીભાઇ ધરમશીભાઇ કોશીયાએ વેચાણથી રાખેલ,**જે અંગેનો રજી.વે.દ.મહે.સબ-રજી.સાહેબ શ્રી સુરત/૪/કતારગામ ની કચેરીમાં દ.અ.નં.૨૨૦૦ થી તા.૨૦/૦૨/૨૦૧૦ના રોજ નોંધાયેલ છે.જે અંગેની ફેરફાર નોંધ ગામ દફતરે હક્ક પત્રક નં. ૬ માં **નોંધ અનુક્રમ નંબર.૬૬૭૭** થી તા.૨૫/૦૨/૨૦૧૦ ના રોજ નોંધવામાં આવી હતી, જે નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદર જમીનમાં હકકપત્રક ટીમ નં.૮ દ્વારા તેઓનાં પત્ર ક્રમાંક :હકપ/ટીમ નં.૮/ રજી.નં./રજી.નં.૬૮૪૮/૨૦૦૫તા.૩૦/૫/૨૦૦૫ થી ગણોત ધારાની કલમ -૭૦(અ) હેઠળ કેસ ઉપસ્થિત કરી, મે.કલેકટર સાહેબે, સુરત નાં શેરા પત્ર નં.આરટીએસ/કેસ./રજી.નં.૬૮૪૮/૦૫ થી ગણોત કેસ રજીસ્ટરે ચઢાવી, મે.વધારાના મામલતદાર અને કૃષિપંચ(ગણોત) તા.ચોર્યાસી જી.સુરતની કોર્ટમાં કેસ ચલાવવામાં આવેલ, તે અગેં મે.વધારાના મામલતદાર અને કૃષિપંચ(ગણોત) તા.ચોર્યાસી જી. સુરતની કોર્ટે **હુકમ નં.ગણોત કેસ નં.૪૬૧/૨૦૦૫(મોટા વરાછા તા.સુરતસીટી) ગ.ધા.કલમ-૭૦(અ) હેઠળ તા.૦૬/૦૯/૨૦૧૨** થી વેચાણ રાખનાર કરશનભાઇ ડાહયાભાઇ કાકડીયાને ખરીદી વ્યવહારની તારીખે ગણોતધારાની કલમ -૭૦(અ) મુજબ ખેડુત ખાતેદાર હોવાનું ઠરાવવામાં આવે છે તથા આપેલી નોટીસ દફતરે કરવામાં આવે છે તેવો હુકમ કરવામાં આવેલ, જે અંગેની નોંધ ગામ દફતરે હક્ક પત્રક નં. ૬ માં **નોંધ અનુક્રમ નંબર.૮૭૫૦** થી તા.૧૯/૧૦/૨૦૧૨ ના રોજ નોંધવામાં આવી હતી, જે નોંધ તા.૨૪/૦૧/૨૦૧૩ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીન ને ખેતીના હેતુથી બિનખેતીના રહેણાંક હેતુમાટે ફેરવવા મે.કલેકટર સાહેબની કચેરી,સુરત ને અરજી કરતા,સદર જમીનને મહે.કલેકટર સાહેબ સુરતનાં બિનખેતી હુકમ નં.એ/બખપ/એસ.આર.નં.૩૦૪/૧૧-૧૨/વશી.૩૪૧૦/૨૦૧૩ તા.૧૫/૦૭/૨૦૧૩ થી બિનખેતીના રહેણાંક હેતુ માટે હેતુફેર કરવામાં આવેલ, જે અંગેની નોંધ ગામ દફતરે હકક પત્રક નં.૬ માં **નોંધ અનુક્રમ નંબર.૮૯૯૦** થી તા.૩૧/૦૮/૨૦૧૩ ના રોજ નોંધવામાં આવી હતી. જે નોંધ તા.૧૬/૧૧/૨૦૧૩ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

મોજે મોટા વરાછા ના બ્લોક નં.૪૨ વાળી જમીન જેનો ટી.પી.સ્કીમ નં.૨૫(મોટા વરાછા)

For Shree Ram Lakhan Group

Partner

મુજબ ફાયનલ પ્લોટ નં.૧૩૧ વાળી જમીનને રહેણાંક હેતુસર પ્લાનપાસીંગ પરવાનગી આપી **બાંધકામ અંગેની રજા ચિઠ્ઠી નં.ટી.ડી.ઓ./ડીપી-૧/નં.૧૪૨ તા.૧૯/૦૯/૨૦૧૮** ના રોજથી મે.સુરત શહેરી વિકાસ અધિકારી શ્રી સુરત મહાનગર પાલિકા તરફથી આપવામાં આવેલ.

ત્યારબાદ મજકુર બિનખેતીની જમીનનાં માલીકો**(૧) બાબુભાઇ ઓધવજીભાઇ મયાણી તથા (૨) સવજીભાઇ ધરમશીભાઇ કોશીયા** કનેથી સદરહુ બ્લોક નં.૪૨ ટી.પી.૨૫ એફ.પી.૧૩૧ વાળી જમીન **શ્રી રામલખન ગ્રૃપ એક ભાગીદારી પેઢી** એ વેચાણ રાખેલી અને જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહેરબાન સબ રજીસ્ટ્રાર સાહેબ શ્રી કતારગામ ની કચેરીમાં ૧ નંબર ની બુકમાં દ.અનુક્રમ નંબર ૩૦૬૬૦ થી તા.૦૭/૧૨/૨૦૧૮ ના રોજ નોંધાયેલ છે, અને તે અંગેની ફેરફાર નોંધ ગામ દફતરે હક પત્રક ૬ માં નોંધ અનુક્રમ **નંબર ૧૦૭૦૬** થી તા. ૨૧/૧૨/૨૦૧૮ ના રોજ નોંધવામાં આવી છે, જે નોંધ પ્રમાણીત કરવામાં આવેલ છે.

આમ, મોજે મોટા વરાછા ના બ્લોક નં.૪૨ વાળી જમીન જેનો ટી.પી.સ્કીમ નં.૨૫(મોટા વરાછા) મુજબ ફાયનલ પ્લોટ નં.૧૩૧ વાળી રહેણાંક હેતુમાટેની **"ગ્લોરી હાઇટસ"** વાળી જમીન મિલકતનાં હાલના માલીક **શ્રી રામ લખન ગ્રૃપ એક ભાગીદારી પેઢી છે.**

સદરહું મિલકત બાબત હમોએ મે. સુરતના સબરજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં ૧૯૮૯ થી ૨૦૧૯ સુધીની એટલે કે કુલ્લે ૩૦ વર્ષની સર્ચ યાને શોધ લીધેલ છે. જેમાં સદરહુ મિલકત હાલ કોઇ તારણમાં મુકાયેલ નથી કે સદરહું મિલકત ઉપર કોઇપણ પ્રકારનો બોજો જણાયેલ નથી. સદર સર્ચની રસીદ આ સાથે સામેલ છે.

ઉપર મુજબની હકીકતે મારી સમક્ષ રજુ થયેલ દસ્તાવેજો તથા હમોએ ઉપરની વિગતે કરેલ શોધ તથા તપાસને આધારે હમોએ કાઢેલા તારણ અનુસાર મારો અભિપ્રાય નીચે મુજબ થાય છે. સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ તાલુકો સુરત સીટી ( હાલઃ અડાજણ) મોજે :- **મોટાવરાછા**ના રેવન્યુ સર્વે નંબરઃ-૫૧, **બ્લોક નંબર :- ૪૨** વાળી જમીન જેનુ ક્ષેત્રફળ :- ૯૯૧૫ ચો.મી., જેને **ટી.પી.સ્કીમ નં.:- ૨૫ (મોટા વરાછા)** લાગુ પડતા **એફ.પી.:- ૧૩૧** મુજબ ક્ષેત્રફળ **૬૪૩૨ ચો.મી.**વાળી રહેણાંક હેતુમાટેની બિનખેતી જમીન ઉપર આયોજીત **"ગ્લોરી હાઇટસ"** વાળી જમીન મિલકત હાલ **શ્રી રામ લખન ગ્રૃપ એક ભાગીદારી પેઢીની** માલિકી ની ચાલી આવેલ છે.તથા સર્ચ રીપોર્ટ મુજબ કોઇ કોર્ટ કેસ જણાતો નથી, સદર જમીન મિલકતનાં **ટાઇટલ તદ્દન ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ છે તેવો મારો અભીપ્રાય છે.**

સદરહુ મિલકત અંગે મારી સમક્ષ નીચે મુજબના દસ્તાવેજોની ઓરીજીનલ/ ઝેરોક્ષ નકલ રજુ કરવામાં આવેલ છે.

---

(૧) ૭/૧૨ ની તથા ગામ નમુના નંબર : ૬ ની એન્ટ્રીઓની તથા ૮-અ ઉતારાની ઝેરોક્ષ નકલ.

For Shree Ram Lakhan Group

Partner

(૨) સુરત શહેરી વિકાસ અધિકારી શ્રી સુરત મહાનગર પાલિકા તરફથી આપવામાં આવેલ બાંધકામ અંગેની રજા ચિઠ્ઠી નં.ટી.ડી.ઓ./ડીપી/નં.૧૪૨ તા.૧૯-૦૯-૨૦૧૮ ની ઝેરોક્ષ નકલ.

(૩) સુરત શહેરી વિકાસ અધિકારી શ્રી સુરત મહાનગર પાલિકા દ્વારા મંજુર કરેલ પ્લાનની ઝેરોક્ષ નકલ.

(૪) મે.વધારાના મામલતદાર અને કૃષિપંચ(ગણોત) તા.ચોર્યાસી જી. સુરત નાં હુકમ નં.ગણોત કેસનં.૪૬૧/૨૦૦૫(મોટા વરાછા તા.સુરતસીટી) ગ.ધા.કલમ-૭૦(અ)તા.૦૬/૦૯/૨૦૧૨ નાં હુકમ ની નકલ

(૫) મે.કલેકટર સાહેબ,સુરત દ્વારા કરવામાં આવેલ રહેણાંક હેતુમાટેનો બિનખેતી હુકમ ક્રમાંકઃએ /બખપ/ એસ.આર.નં. ૩૦૪/ ૧૧-૧૨/વશી.૩૪૧૦/૨૦૧૩ તા.૧૫/૦૭/૨૦૧૩ ની ઝેરોક્ષ નકલ.

(૬) મે.સબ રજી.સાહેબશ્રી કતારગામ/૪(સુરત) માં નાંધાયેલ રજી.વેચાણ દસ્તાવેજ નંબર : ૩૦૬૬૦/૨૦૧૮ ની નકલ.

(૭) મે.સબ રજી.સાહેબશ્રી કતારગામ/૪(સુરત) માં નાંધાયેલ રજી.વેચાણ દસ્તાવેજ નંબર : ૨૨૦૦/૨૦૧૦ ની નકલ.

(૮) મે.સબ રજી.સાહેબશ્રી કતારગામ (સુરત-૪) માં નાંધાયેલ રજી.વેચાણ દસ્તાવેજ નંબર : ૬૮૨૪/૨૦૦૫ ની નકલ.

(૯) મે.સબ રજી.સાહેબશ્રી કતારગામ (સુરત-૪) માં નાંધાયેલ રજી.વેચાણ દસ્તાવેજ નંબર : ૨૦૮૮/૨૦૦૪ ની નકલ.

(૧૦) ટી.પી.સ્કીમ નં. ૨૫(મોટા વરાછા) નાં એફ.પી.નં.૧૩૧ નાં એફ-ફોર્મ ની નકલ.

(૧૧) શ્રી રામ લખન ગ્રૃપ એક ભાગીદારી પેઢી ની તા.૧૨/૧૦/૨૦૧૭ નાં રોજની ભાગીદારી ડિડ, પાનકાર્ડ તથા તા.૩૧/૧/૨૦૧૮ નાં રોજનાં R.O.F. ની નકલ..

-::અભીપ્રાય::-

ઉપરની તમામ હકીકતો ની ચકાસણી કરતા મોજે :- **મોટાવરાછા**ના રેવન્યુ સર્વે નંબર:-૫૧, **બ્લોક નંબર :- ૪૨** વાળી જમીન જેનુ ક્ષેત્રફળ :- ૯૯૧૫ ચો.મી., જેને **ટી.પી.સ્કીમ નં.:- ૨૫ (મોટા વરાછા)** લાગુ પડતા **એફ.પી.:- ૧૩૧** મુજબ ક્ષેત્રફળ **૬૪૩૨ ચો.મી.**વાળી રહેણાંક હેતુમાટેની બિનખેતી જમીન ઉપર આયોજીત **"ગ્લોરી હાઇટસ"** વાળી જમીન મિલકત હાલ **શ્રી રામ લખન ગ્રૃપ એક ભાગીદારી પેઢી ની** માલિકી ની ચાલી આવેલ છે.તથા સર્ચ રીપોર્ટ મુજબ કોઇ કોર્ટ કેસ જણાતો નથી, સદર જમીન મિલકતનાં **ટાઇટલ તદ્દન ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ છે તેવો મારો અભીપ્રાય છે.**

સુરત.

તા.૧૦/૦૨/૨૦૧૯

**Girish B. Movaliya**
(Advocate)
A-306/307, City Centre,
Nr. Resham Bhavan,
Lal Darwaja, SURAT.

GIRISH B. MOVALIYA
ADVOCATE
* SURAT *

For Shree Ram Lakhan Group

Partner